# ગીતગૂંજન




લેખન - સંકલન


## શ્રી લાલજીભાઇ બી. પંચાલ.

મ. શિક્ષક

## શ્રી હાથીપુરા પ્રા. શાળા.

## તા-દસાડા , જિ-સુરેન્દ્રનગર.

એક ઝમકુ ખિસકોલી ..

એક ઝમકુ ખિસકોલી , હતી તે બહુ તોફાની ,
રમતી જાય કુદતી જાય, મળે તેને પજવતી જાય.

સસ્સા-રાણા પાસે ગઈ , કાનમાં જઇને વાત કહી
સસ્સા તારા કાન કેવાં ? સળી ગયેલા પાન જેવા ..

ત્યાંથી તે તળાવે ગઈ , દેડકાંભાઈને પાસે ગઈ ,
દેડકાં તારી ફાંદ મોટી , સસ્સાની ના વાત ખોટી ,

સામે મળ્યાં ઉંદરભાઈ , તમે છો મારા મોટાભાઈ ,
ઉંદર ફૂંકી ફોલી ખાય , એવું ક્હે પેલા દેડકાભાઈ,

વડ નીચે સૌ ભેગા થાય , એકબીજાની થાય લડાઈ ,
ડાળ ઝુકાવી પોપટ બોલ્યો , કરશોનાં તમે ખોટો ઝઘડો .

કોઈના ચડાવ્યાં ચડીએ નહીં , કોઈના લડાવ્યાં લડીએ નહીં ,
એક ઝમકુ ખિસકોલી...

બા મેં તો ...

બા મેં તો બાગમાં બાંધી નિશાળ ,

ભણવાને આવે છે ચકલીઓ ચાર ....

બા મેં તો .....

નાની ખિસકોલી ભણવામાં પહેલી ,

આવે છે છબીલી સૌથી એ વહેલી

જરા ન બોલે એ તો સૌથી શરમાળ ...

બા મેં તો ...

વચમાં ને વટમાં પોપટ બેસાડું ,

કાબર કજીયાળીને છેલ્લે બેસાડું ,

મોરભાઈ આવે અને ગીતો ગવડાવું ...

બા મેં તો ....

કચ-કચ કરે તેને આંખો દેખાડું ,

કાબર કજીયાળી ને ડોળા બતાડું ,

આંખો દેખાડું પણ મારૂ ના માર ...

બા મેં તો .........`

## પ્રભુજીની વાંસળી ......

આલાલીલાં વાંસળીયા રે વઢાવું ,

એની રે ઉતરાઉં મારા પ્રભુજીની વાંસળી રે લોલ ...

વાંસળીએ કાઈ હંસ, પોપટને , મોર , (૨)

વાંસલડી વગાડે રે નંદજીનો લાડકો રે લોલ

આલાલીલાં વાંસળીયા રે ..

વાંસળીએ કાઈ ફૂમતાં લટકે ચાર (૨)

આંગળીએ અંગુઠીને અંગૂથીમાં હીરલા રે લોલ

આલાલીલાં વાંસળીયા.....

આવ્યાં આવ્યાં ઓતરા દસનાં મેહ , (૨)

પાંદરડા ખેતરડાં રે હરી કેરાં છલી વળ્યાં રે લોલ

આલાલીલાં વાંસળીયા ....

ખેતરિએ કાંઈ ઝૂલી રહ્યાં છે મોલ , (૨)

મોલે-મોલે ગૂંથી દીધાં પ્રભુજીએ મોતીડાં રે લોલ

આલાલીલાં વાંસળીયા ....

શાને આ રંગ જુદા જુદા ......

શાને આ રંગ જુદાં- જુદાં .... (૨)

કોયલનો રંગ કાળો , કંઠ સોહામણો

હો.... પેલાં મોરલાંનાં રંગ જુદા-જુદાં..... શાને આ રંગ .....

નિત નિત ખીલતાં ફૂલડાં નવરંગી ,

હો..... પેલી ધરતીનાં રંગ જુદા-જુદા .... શાને આ રંગ...

ચાંદાનો રંગ જુદો , સૂરજનો રંગ જુદો ,

હો.... પેલાં આભલાંનાં રંગ જુદા-જુદા... શાને આ રંગ...

દુનિયાનો રંગનાર કેવો રંગીલો ,

હો.... જેણે ઢોળ્યાં છે રંગ જુદા-જુદા .... શાને આ રંગ ..

પતંગિયું રૂપાળું .....

ફૂલડે ફૂલડે ફરતું હું તો ,

પતંગિયું રૂપાળું .....

રંગ ભરી છે પાંખો મારી ,

જાદુ ભરી છે , આંખો મારી ....

ફૂલડે ફૂલડે .......

નાનો બાબો , નાની બેબી ,

મને પકડવાં આવે દોડી ....

ફૂલડે ફૂલડે .....

રંગ સુગંધે નાચું -કૂદું ,

રંગને કાજે માથું મૂકું ....

ફૂલડે ફૂલડે .....

# આવો કબૂતરાં ....

ઊગી સોહામણી સવાર , આવો કબૂતરાં ,
આંગણામાં નાખી જુવાર , આવો કબૂતરાં...
ઊગી સોહામણી ....

રત્નજડી આંખડી , ભૂરી - ભૂરી પાંખડી ,
શોભી રહ્યાં છો અપાર , આવો કબૂતરાં ....
ઊગી સોહામણી ....

બીશોમાં ઉડશો માં , ભોળા કબૂતરાં ,
આવો સૌ કરીએ વિહાર , આવો કબૂતરાં ..
ઊગી સોહામણી ...

જુદાં નથી આપણે , બાંધ્યાં પ્રેમ તાંતણે ,
એક જ પિતાનો પરિવાર , આવો કબૂતરાં ...
ઊગી સોહામણી .....

## એકવાર બોલું કે ...

એકવાર બોલુ કે, બે વાર બોલું કે, ત્રણવાર બોલું મમ્મી ,

કે મમ્મી મને નિશાળ જાવાં દે .....

નિશાળમાં મારી ગણિત ભણાય છે , (૨)

એકડો લખું હું , બગડો લખું હું , તગડો લખું મમ્મી ,

કે મમ્મી મને નિશાળ ....

નિશાળમાં મારી ભાષા ભણાય છે , (૨)

શબ્દો લખું હું, વાક્યો લખું હું , પગલું લખું મમ્મી ,

કે મમ્મી મને નિશાળે .....

નિશાળમાં મારી ઈંગ્લીશ ભણાય છે , (૨)

ગુડ મોર્નિંગ બોલું હું, વેલકમ બોલું હું, થેંક્યું બોલું હું મમ્મી ..

કે મમ્મી મને નિશાળે ...

નિશાળમાં મારી ગીતો ગવાય છે , (૨)

બાળગીત ગાઉ હું , કૂચગીત ગાઉં હું , ડિસ્કો કરું મમ્મી ....

કે મમ્મી મને નિશાળે...

નિશાળમાં મારી રમતો રમાય છે , (૨)

ક્રિકેટ રમું હું , કબડ્ડી રમું હું , ખો-ખો રમું મમ્મી ...

કે મમ્મી મને નિશાળે ...

## પેલાં વાદળમાં ......

પેલાં વાદળમાં ચોક તો વિશાલ છે ,

એમાં સોહામણી સુંદર નિશાળ છે .

મારું તો મન ત્યાં ભમે .. મને એવી નિશાળ ગમે .....

ઊંચા વાદળમાં ઊંચા ચકડોળે

સાત સાત રંગનાં બાંધ્યા છે હીંચકા ,

નાચે-કૂદે ને સૌ રમે ....મને એવી નિશાળ ગમે ....

નાનાં-નાનાં તારલાં બાંધ્યા છે હીચકા ,

દૂધમલ મુખડા મલમલ મલકાવે ,

પેલી ઘનઘોર ઘટાઓ ગમે .....મને એવી નિશાળ ગમે .....

ચાંદામામા તો પાઠ ભણાવે ,

વાદળ –વાયું મીઠા ગીતો સંભળાવે ,

પરીઓના ગાન ત્યાં શમે... મને એવી નિશાળ ગમે .......

પેલા વાદળમાં ચોક .....

## ચોકની વચ્ચે ઉગ્યો ....

ચોક ની વચ્ચે ઉગ્યો ચબૂતરો

આવે છે પોપટ ને ચકલા જી રે.......

ચોકની વચ્ચે ....

આવે છે કાબર ને આવે કબૂતરા .....

ખિસકોલી નાં બચાલા જીરે......

ચોકની વચ્ચે....

મોરલા આવે ને ઢેલડી નાચતી

આવે હોલા ને કાગડાં જી રે ..

ચોકની વચ્ચે....

આવે છે સમડી ગાજતી ગાજતી ,

ઝીણાં તીણાં કાઢી રાગડા જી રે ....

ચોકની વચ્ચે.....

દાણા મજાનાં હોશેંથી ચણતાં

આનંદે લહાવો લુંટતા જી રે..

ચોકની વચ્ચે....

ખાતાં-પીતાં ગીત ગાતાં મધુરાં

કિલ્લોલ કરતાં ઉડતા જી રે....

ચોકની વચ્ચે...

સપનાની વાત ...

સપના ની વાત કહું સપનાની વાત ,

ભાઈ મારા સાંભળજો સપનાની વાત .

કોક દિ હું સપનનામાં આકાશે ઉડતો ,

ચાંદા મામાની સાથે હું ધૂમતો ,

તારાઓ ભાઈ મારા પગે અડી જાય .. .. ભાઈ મારા સાંભળ .....

સપના ની વાત ....

કોક'દિ હું સાગરમાં ડૂબકીઓ મારતો ,

માછલીઓનાં દેશમાં મોતીડાં વીણતો ,

માછલીઓ ખૂબ મને ઊંડે લઇ જાય .... ભાઈ મારા સાંભળ .....

સપના ની વાત ......

કોક'દિ હું પરીઓનાં દેશમાં જઈ પહોચતો ,

પરીઓનાં ખોળલે સુખે હું પોઢતો ,

પરીઓની પાંખ મને ઊચે લઇ જાય .... ભાઈ મારાં સાંભળ ....

સપના ની વાત .......

## મજાની ખિસકોલી ....

તું અહિયાં રમવા આવ, મજાની ખિસકોલી ,

તું દોડ તને દઉં દાવ , મજાની ખિસકોલી.

તું કેવી હશે ને રમે , મજાની ખિસકોલી ,

તારા કૂદકા તો બહુ ગમે , મજાની ખિસકોલી .

તું જ્યારે ખિલખિલ કરે , મજાની ખિસકોલી ,

તારી પૂંછડી ઊંચી થાય, મજાની ખિસકોલી.

તારે અંગે સુંદર પટા , મજાની ખિસકોલી.

તારી ખાવાની શી છટા , મજાની ખિસકોલી.

તું ઝાડે-ઝાડે ચડે , મજાની ખિસકોલી ,

ક્હે કેવી મજા ત્યાં પડે , મજાની ખિસકોલી.

બહુ ચંચળ તારી જાત , મજાની ખિસકોલી.

તું ઉંદરભાઈની નાત , મજાની ખિસકોલી .

તું અહિયાં રમવાં ....

## વાયરાં વનવગડામાં ....

વાયરાં વનવગડામાં વાતા`તા, વા વા વંટોળીયા.

હા રે અમે ગાડાંમાં બેસીને જાતાં`તાં વા વા વંટોળીયા.

ગાડાં દોડે , ઘૂઘરાં બોલે ,

બળદ કેરા શિંગડા ડોલે .

હા રે અમે એક સાથ-સાથ મળી ગાતા'તાં..વા વા વંટોળીયા

વાયરાં વનવગડા માં .......

ધોમ ધખેલાં , આભ તપેલાં ,

ગરમી કેરી , ગાર લીપેલા .

હા રે અમે ઊની–ઊની લૂ મહી નાંતા`તાં..વા વા વંટોળીયા

વાયરાં વનવગડા માં ......

## આવો પારેવાં ....

આવો પારેવાં , આવોને ચકલાં , ચોકમાં દાણા નાખ્યાં છે.

આવો પોપટજી મેનાં ને લાવજો , ચોકમાં દાણા નાખ્યાં છે.

આવો કાબરબાઈ કલબલનાં કરશો, ચોકમાં દાણા નાખ્યાં છે.

બંટીને બાજરો ચોખાને બાવટો , ચોક માં દાણા નાખ્યાં છે.

ધોળી છે જારને , ઘઉં છે રાતડા , ચોકમાં દાણા નાખ્યાં છે.

નિરાતે ખાજો , નિરાતે ખૂંદજો , ચોકમાં દાણા નાખ્યાં છે.

બિલ્લી નહીં આવે , કૂતરો નહીં આવે , ચોકમાં દાણા નાખ્યાં છે.

ચક-ચક કરજોને , કટકટ કરજો , ચોકમાં દાણા નાખ્યાં છે.

આવો પારેવાં , આવોને ચકલા....

## હું ને પોપટલાલ .....

ટીણી ટીણી .... ટી.ટી.ટી.ટી. ટીણી ટીણી ટી....

હું ને પોપટલાલ ચાલતાં -ચાલતાં .. વનવગડામાં ગ્યાતાં .

ટીણી ટીણી ...ટી ટી ટી ...

ઝાડ પણ જોયાં , તાડ પણ જોયાં ,

જોયાં મેં છોડવાયે નાનાં ... ટીણી ટીણી ટી ટી ટી...

નદીઓ પણ જોઈ , નાળા પણ જોયાં ,

જોયાં ખાબોચીયાયે નાનાં ... ટીણી ટીણી ટી ટી ટી...

વાઘ પણ જોયાં , હાથી પણ જોયાં ,

જોયાં મેં નોળિયા યે નાનાં .... ટીણી ટીણી ટી ટી ટી ...

કાગડાં પણ જોયાં , કોયલ પણ જોઈ ,

જોઈ મેં ચકલી યે નાની ... ટીણી ટીણી ટી ટી ટી...

કેરી પણ ખાધી , આંબલી પણ ખાધી ,

ખાધાં મેં બોર ખાટા- ખાટાં ... ટીણી ટીણી ટી ટી ટી...

હું ને પોપટલાલ ......

રૂમઝુમ રૂમઝુમ ....

રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ, દોડે સસલાં, દોડે સસલાં .

એ રૂપાળાં રૂપાળાં ..

એ લાગે સૌને વ્હાલાં ..

લાલ-લાલ ઝીણી આંખો જાણે મોતી દાણા .....

થનગન થનગન થનગન થનગન, નાચે મોરલાં, નાચે મોરલાં ..

એ રૂપાળા રૂપાળાં ...

એ લાગે સૌને વ્હાલાં ....

એ ટેહૂક ટેહૂક કરે ત્યારે, આવે મેઘરાજા ....

રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ રૂમઝુમ, દોડે હરણાં, દોડે હરણાં ...

એ રૂપાળાં રૂપાળાં ...

એ લાગે સૌને વ્હાલાં...

એ વનવગડામાં ઘૂમે ત્યારે , આવે મેઘરાજા ...

રૂમઝુમ રૂમઝુમ .......

કેસૂડાંનાં ફૂલ વીણવાં ..

એ હાલો હાલો કેસૂડાંનાં ફૂલ વીણવાં , ઓલ્યાં ફાગણની મીઠી સુગંધ ઝીલવા..

હે.. કેસૂડે-કેસૂડે કેસરિયો રંગ ...

ઊંચાં તે શિમળે લાલ-લાલ રંગ...

કુંજે-કુંજે કોકિલાનાં કંઠ સૂણવા .... ઓલ્યાં ફાગણની મીઠી....

હે... આવળે –આવળે પીળો તે રંગ ...

આખા તે વગડે કેવો ઉમંગ .....

હાલો ખેતરને શેઢે પીંછાં વીણવાં .... ઓલ્યાં ફાગણની ...

હે... ઉડે પતંગિયા ફૂલે-ફૂલે ...

ગૂંજતા ભમરાં કેવાં ઝૂલે ...

ડાળે મંજરીઓ માડી છે ફર-ફરવા ... ઓલ્યાં ફાગણની .....

હે.... વાયુએ વલ્લરી ડોલતી જાય ...

નવાં અંકૂરો ઝગમગ થાય..

હાલો સૂડામેનાંનું સંગીત સુણવા .... ઓલ્યાં ફાગણની....

એ હાલો હાલો કેસૂડાં ના ....

## નાની નાની બેનડીનો...

હે.. નાની-નાની બેનડીનો નાનો-નાનો ભાઈ (૨)

લઇને પાટી-પેન ભણવાને જાય....

હે... નાનાં-નાનાં હાથમાં નાની-નાની પેન (૨)

લખે છે એકડોને ભણાવે છે બેન ....

હે... નાનું –નાનું મુખડુંને નાનાં-નાનાં દાંત. (૨)

ભાવે એને લાડવાને ભાવે દાળ ભાત...

હે... લાલ-લાલ હોઠને જરા-જરા ખંજન (૨)

મીઠા-મીઠા લાગે મને કાલાં-કાલાં બોલ...

હે... નાની-નાની પગલીને ધીમી-ધીમી ચાલ (૨)

તાતા થૈ થૈ નાચે જાણે જશોદાનો લાલ..

હે... મીઠી-મીઠી બેનડીનો નાનો-નાનો ભાઈ (૨)

નાહી-ધોઈને એ તો રોજ નિશાળે જાય..

નાની-નાની બેનડીનો .......

કરજે કલશોર તું....

ગગન જો ગાજે છે ઘોર, કે મોરલા કરજે કલશોર તું..

ઊંચા આકાશમાં ચમકે છે વીજળી ,
ગગડે છે વાદળો , આપે સૌ અંજલી ..
પાણીનો બંધાયો દોર... કે મોરલા કરજે કલશોર તું....
ગગન જો ગાજે છે ઘોર કે.....

ઝરણાં જાગીને જાય ખળખળતાં દૂરદૂર ,
પંખી ગાતાંને કઈ ફેલાયા સૂરસૂર
ધરતીની રંગત છે ઓર .. કે મોરલા કરજે કલશોર તું..

ગગન જો ગાજે છે ઘોર કે....

## આવજે પવન ....

ધીમે ધીમે (૨) આવજે પવન ...ચૂંદડી અમારી ઊડીઊડી જાય .

કેસરિયાં રંગની ચૂંદડી અમારી
જાણે સંધ્યાની ઉઘડતી બારી
મંદ-મંદ મધુર ગીત ગાજે પવન (૨) ચૂંદડી અમારી .....

ઝૂમે છે ફૂલડાંને ઝૂમે છે ડાળિઓ ,
ફરફરતાં પાંદડા પાડે છે તાળીઓ ,
મલકાવતી માલતી સુનાવજે પવન (૨) ચૂંદડી અમારી ....

તારો મધુર સૂર ડુંગરાની ધારે ..
મસ્ત બની ઘૂમતો નદીઓનાં આરે...
કોયલનો કંઠ તું સુનાવજે પવન .. (૨) ચૂંદડી અમારી....

રંગ નહિ , અંગ નહિ, તું તો દેખાય નહી ,
તારા તે ગીતથી હૈયું ધરાય નહી ,
ફૂલોની સુરભી ફેલાવજે પવન ....(૨) ચૂંદડી અમારી ......

ધીમે ધીમે , ધીમે ધીમે ...આવજે પવન...

પંખીઓના કલરવમાં ...

પંખીઓના કલરવમાં ગીતો સુણાય છે. (૨)

વન કેરાં પંખીડાની શોભા અપાર છે.......

પંખીઓનાં કલરવમાં મોરલાનાં ગીત છે. (૨)

ગઢનાં તે કાંગરે બેઠો સોહાય છે.......

પંખીઓનાં કલરવમાં કોયલનાં બોલ છે.(૨)

આંબાડાળે બેસી એ તો મીઠાં ગીત ગાય છે....

પંખીઓનાં કલરવમાં પોપટનાં બોલ છે (૨)

પીંજરામાં બેસી સીતારામ ભજાય છે....

પંખીઓનાં કલરવમાં કૂકડાનાં બોલ છે. (૨)

કુકડેકૂક કરી નવરંગો સોહાય છે.....

પંખીઓનાં કલરવમાં .....

## પાટી ને પેન લઇ ....

પાટીને પેન લઇ ચાલી કે મનમાં મુંઝાણી હું નાનકડી ઢીંગલી.

આંગણાના બાળ મને આમતેમ શોધશે,

નાં, દેખી નાખશે નિસાસા..... હું નાનકડી ઢીંગલી .

બા એ સજાવી મને શાળા નાં વેશમાં ,

શ્રીફળ ઝલાવી ટીકો ચોડી .... હું નાનકડી ઢીંગલી .

સરખી સાહેલી ચાલી ધૂન મચાવતી ,

ચાલુ જેમ નવી નવેલી ... હું નાનકડી ઢીંગલી.

આવે નજીક જેમ શાળાનું આંગણું ,

સાહેબનાં ભયથી દઝાતી... હું નાનકડી ઢીંગલી.

સાહેબ ઘૂંટાવે મને પરથમ નો એકડો,

શ્રી ગણેશાય બોલાવી ... હું નાનકડી ઢીંગલી .

શાળા માનીતી મેં તો રાજાનો બંગલો,

ગુરુજીનાં હેતે હરખાણી ... હું નાનકડી ઢીંગલી.

હવે લાગે છે શાળા મંદિર મજાનું ,

વહેલી-વહેલી દોડતી હું પહેલી... હું નાનકડી ઢીંગલી.

પાટીને પેન લઇ .....

# તારે મેહુલિયા...

તારે મેહુલિયા કરવા તોફાન
અમારા લોકોનાં જાય છે જાન ,

વરસ્યોને વરસ્યો મુશળધાર
કેમ કરી મારે જાવું નિશાળ?

અવળાને સવળા વાયરા વાય,
ઓઢેલી છત્રીનો કાગડો થાય.

ચંપલ મારી છબ-છબ થાય ,
પહેરેલાં કપડાં બગડી જાય..

કેળાંની છાલથી લપસી પડાય,
ત્યારે તો ભાઈ મને કાંઈ-કાંઈ થાય.

તારે મેહુલિયા કરવાં..

# રોજ નિશાળે જઈએ .

રોજ નિશાળે જઈએ અમે સૌ, રોજ નિશાળે જઈએ .

ગાતાં રમતાં અક્ષર સાથે ,ઓળખાણ કરી લઈએ, અમે સૌ રોજ નિશાળે જઈએ
સાંભળી બોલી લખી વાંચીને ભઈલા ભાષા ભણીએ, અમે સૌ રોજ નિશાળે જઈએ.

સંખ્યાઓને સમજી સમજી ઝટપટ ગણિત ગણીએ, અમે સૌ રોજ નિશાળે જઈએ .
પવન ,ઝાડ ,પુષ્પોની સંગે ,રમતાં ઘેલાં થઈએ , અમે સૌ રોજ નિશાળે જઈએ .

ભણતરનો નાં ભાર જરાયે ,ભણતર બિલકુલ સહેલું , અમે સૌ રોજ નિશાળે જઈએ.
તરંગ અને ઉલ્લાસની સાથે ,એમાં જ્ઞાન ભરેલું , અમે સૌ રોજ નિશાળે જઈએ.

હોંશે હોંશે ભણતાં ભણતાં,ધ્યાન રમતાં દઈએ, અમે સૌ રોજ નિશાળે જઈએ .
ભારત દેશમાં આપડે સૌ એ ,ભણવાના અધિકારી , અમે સૌ રોજ નિશાળે જઈએ .

ભાઈઓ-બહેનો સૌને માટે ,ખુલ્લી નિશાળ બારી, અમે સૌ રોજ નિશાળે જઈએ.
નવું નવું નિત જાણી લેવાનો ,લ્હાવો લૂંટી લઈએ , અમે સૌ રોજ નિશાળે જઈએ .

રોજ નિશાળે જઈએ ...

પ્રજ્ઞાગીત

બનીએ પ્રજ્ઞાવાન આપણે , બનીએ પ્રજ્ઞાવાન.
પ્રજ્ઞા દ્વારા આપણાં સૌનું વિકસતું રહે જ્ઞાન ..
વિકસતું રહે જ્ઞાન, આપણે બનીએ પ્રજ્ઞાવાન.

હળી-મળીને શીખીએ સૌએ, અસહાયનાં કોઇ,
સૌ સંગાથે વધીએ આગળ, એ જ ખરું અનુષ્ઠાન,
એ જ ખરું અનુષ્ઠાન.. આપણે બનીએ પ્રજ્ઞાવાન.

સોનું ચાંદી રૂપિયા સત્તા અઢળક હોય ભલેને,
જેની પાસે શિક્ષણ સાચું એ જ ખરાં ધનવાન..
એ જ ખરાં ધનવાન.. આપણે બનીએ પ્રજ્ઞાવાન.

જીવન સાર્થક બનતું એનું ધ્યેય છે જેની પાસે,
દ્રઢનિશ્ચયથી વધતાં આગળ એ જ ખરાં બળવાન..
એ જ ખરાં બળવાન.. આપણે બનીએ પ્રજ્ઞાવાન.